શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ મેમનગર, અમદાવાદ તથા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્‌નું મુખપત્ર

सद्‌विद्या प्रवर्तावो पृथ्वी परे...

ગુરુકુલ દર્શન

વર્ષ-૮ • અંક-૫ • મે - ૨૦૧૬
પંચવાર્ષિક લવાજમ : રૂા. ૨૫૦/-

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વર ખાતે ઉજવાયો ભવ્યાતિભવ્ય કન્યા તથા કુમાર વિદ્યાલયનો ઉદ્‌ઘાટન સમારોહ

દશાબ્દિ મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત કથાના વક્તાશ્રીઓ તથા સદ્‌ગુરુ સંતો, ખડખડ

તારક મહેતા કા ઉલટા ચસ્માના કલાકાર દીલીપ જોશીના હસ્તે સ્વચ્છતા સેનાની એવોર્ડ સ્વીકારતા પૂજ્ય બાલકૃષ્ણ સ્વામી

વચનામૃત અનુષ્ઠાન કરતા પૂજ્ય પુરાણી સ્વામી, સંતો-ભક્તો

નૂતન ગૌશાળા ઉદ્‌ઘાટન કરતાં પૂજ્ય બાલકૃષ્ણસ્વામી, દ્રોણેશ્વર

સહજાનંદ બંગલોઝના ઉદ્‌ઘાટન પ્રસંગે તથા સોરઠિયા પરિવાર સ્નેહમિલન પ્રસંગે ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી, સંતો-ભક્તો, સુરત

સત્સંગસભામાં ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી તથા ભક્તજનો, વાપી

ભાગવત કથા પ્રસંગે ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી, મોડપર

ગુરુકુલ દર્શન

-: સંસ્થાપક :-

સદ્‌વિદ્યા સદ્ધર્મરક્ષક પ્રાતઃસ્મરણીય પ. પૂ. ગુરુદેવ
શાસ્ત્રીજી મહારાજ શ્રી ધર્મજીવનદાસજી સ્વામી

: આશીર્વાદ :
પરમ પૂજ્ય પ્રાતઃસ્મરણીય શ્રી જોગીસ્વામી

: પ્રેરણા :
પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી

વર્ષ-૮, મે : ૨૦૧૬, અંક : ૫

પ્રકાશક	: પ.પૂ. પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી
તંત્રી	: પાર્ષદ શ્રી શામજી ભગત
સંપાદક	: શાસ્ત્રી શ્રી યજ્ઞવલ્લભદાસજી સ્વામી
કલા સંયોજન	: હરિકૃષ્ણ ગ્રાફિક્સ
તસ્વીર	: જી. વિઝન
મુદ્રક	: સૂર્યા ઓફસેટ

છુટક અંક	: રૂા. ૫/-
પંચ વાર્ષિક લવાજમ	: રૂા. ૨૫૦/-
૨૫ વર્ષ લવાજમ	: રૂા. ૭૦૦/-
વિદેશમાં ૨૫ વર્ષ લવાજમ	: $ ૧૧૦/-

લવાજમ અંગે પત્રવ્યવહાર

'ગુરુકુલ દર્શન' કાર્યાલય
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ
ગુરુકુલ રોડ, મેમનગર, અમદાવાદ-૫૨
ફોન (૦૭૯) ૨૭૯૧૨૫૯૧/૯૨

www.swaminarayangurukul.org
E-mail : darshan@sgvp.org

SwaminarayanGurukul
GurukulParivar

ઊંચા ઊંચા ગિરિશિખરોથી

ઊંચા ઊંચા ગિરિશિખરોથી; ઝરઝર ઝરતા ઝરણાં આવે
મનમલ હરણાં શીતલ કરણાં; હેમલ વરણાં ઝરણાં આવે.

ગગન ગભીરા અનરાધારા; સાત સમંદર કો છલકાવે
અભિષેક શા અમરતવારિ; વસુંધરા શિર પર વરસાવે.

સપ્ત સૂરોના ભૈરવ રાગે; પોઢેલા પાતાળ જગાવે
સત્યં મધુરં શિવં સુંદરમ્; સકલ ચરાચર જગ સરજાવે.

જાદુગર શા અગમ અગોચર; કામણગારા કર પરસાવે
રોમ રોમ ખીલે વનરાજી; પાનખરે કૂંપળ પ્રગટાવે.

ભાતીગળ ભાતોથી ભરીયા; વિશ્વતણાં ઉપવન સરસાવે
રંગો નોખા સત્ય એક છે; વેદતણાં એ ઘોષ સુણાવે.

ઊંચે આકાશેથી ઉતરી; સ્વર્ગ ધરા પર રમવા આવે
માધવ મા ધરતીનો ખોળો; ચૌદભુવનથી સરસો કાવે.

- સ્વામી માધવપ્રિયદાસ
૦૪/૧૨/૨૦૧૫

(નવનીત સમર્પણમાંથી સાભાર)

પ્રેરણા સ્થળ : કેરીચો કેન્યાનું સ્વર્ગ છે, નાનકડાં નગરની ચારે તરફ લીલા મખમલિયા ગાલીચા જેવા ચાના બગીચાઓ અને વનરાજી વિસ્તરેલા છે.

નગરના ધમાલીયા વાતાવરણથી દૂર શાંત અને રમણીય સ્થળે, લીલા પર્ણોથી છવાયેલા વિશાળ સરોવરમાં ખીલેલા ગુલાબી કમળ જેવો પરેશભાઈ પટેલનો બંગલો છે.

પરેશભાઈનો બંગલો એટલે પ્રેમથી છલકાતું પરમાત્માનું મંદિર ! બંગલાની ટોચે બેસીને પ્રકૃતિના સૌદર્યને માણવાની અનેરી મજા છે.

પનઘટે વિહરતી પનિહારીઓ સમી વાદળ કન્યાઓ આકાશમાં વિહાર કરે છે અને પોતાના રજતકુંભોમાંથી હરિયાળી ધરતી ઉપર અમૃતજળ વરસાવી રહી છે.

આવા નયનરમ્ય વાતાવરણમાં સરજાયેલી આ રચના છે. રચનામાં સત્યં, શિવં, સુંદરમ્ અને મધુરમ્ વિશ્વનું સ્તવન છે. એથી પણ વિશેષ મંગલકારી આંતરવિશ્વની વ્યંજના છે.

સાધકના સહસ્ત્રદળ કમળમાંથી વરસતી અમીધારાઓ આંતર વિશ્વને પુલકિત કરે છે. રોમે રોમ નવચેતના સંચરે છે. પાનખર જેવા શુષ્ક જીવનમાં પ્રેમની વસંત ખીલે છે

વિશ્વનું ઉપવન ભલે ભાતીગળ હોય, પરંતુ એ વિવિધતામાં એકતાનો વિલાસ છે. આકાશના મહાન દેવતાઓ આ સુંદર વસુંધરાના ખોળે રમવા અવતારો ધરે છે.

એથી સિધ્ધ થાય છે કે, ચૌદ ભુવન ગમે તેટલાં ઊંચા, શ્રેષ્ઠ કે મહાન હોય પણ મા અને ધરતીના ખોળાની તોલે આવી શકતા નથી !

એકાંતિક ભક્ત સમુદાય

એકાંતિક ભક્ત સમુદાય એકાંતિક ભક્ત સમુદાય
એકાંતિક ભક્ત સમુદાય એકાંતિક ભક્ત સમુદાય

- સ્વામી માધવપ્રિયદાસ

ભગવાન શ્રી સ્વામિનારાયણનો ઐતિહાસિક સમયગાળો ધાર્મિક અને રાજકીય બન્ને ક્ષેત્રે અંધાધૂંધીનો હતો. ધર્મને નામે દંભ અને પાખંડ ફૂલ્યાફાલ્યા હતા. મંત્ર-તંત્ર, કામણ-ટૂંમણથી લોકોને છેતરવામાં આવતા હતા. ભક્તિને નામે ભોગ અને ભ્રષ્ટાચાર વધ્યા હતા.

ચોતરફ ચોરી-લૂંટફાટ અને નિર્દોષોની હત્યાઓ થઈ રહી હતી. ચોર, પીંઢારા અને બહારવટિયાઓએ આમજનતાને ભયભીત અને ત્રસ્ત બનાવી હતી. વાડ્ય ચીભડાં ગળે, એમ પ્રજાના રક્ષકો જ ભક્ષકો બન્યા હતા. નાના નાના રજવાડાંઓનો પણ એટલો જ ત્રાસ હતો.

ભગવાન શ્રી સ્વામિનારાયણે આમજનતાના દુઃખ, દરદ અને સમાજની નાડ્ય બરાબર પારખ્યા હતાં.

ભગવાન શ્રી સ્વામિનારાયણનું હૃદય કરુણા અને લોકોત્તર પ્રેમથી ભરેલું હતું.

સમાજમાં શાંતિ અને સુખાકારીની સ્થાપના માટે એમણે અનેક પ્રકારે ઉત્પાત કરનારા લોકોને જ વશ કરવાનો નિર્ણય કર્યો હતો.

એમનામાં કોઈ જબરજસ્ત જાદુઈ પ્રભાવ હતો કે જેને લીધે કેટલાય ચોર, લૂંટારા અને હત્યારાઓના હૃદય આશ્ચર્યજનક રીતે પરિવર્તન પામ્યાં હતાં.

તેઓ ભારાડીમાંથી ભગત બન્યા હતા. એમના શસ્ત્રો મ્યાન થયાં હતાં. જે હાથમાં તલવારો, તીરકામઠાંઓ અને ભાલાઓ રમતા હતા, એ જ હાથમાં માળાઓ રમવા લાગી હતી. જે લોકો સમાજનું શોષણ કરતા હતા, એ જ લોકો સમાજના રક્ષણહાર બન્યા હતા. લોકોની હિંસકવૃત્તિઓ શમી હતી; પ્રેમ અને કરુણા વધ્યા હતા.

ભગવાન શ્રી સ્વામિનારાયણે અસુરોને મારવાને બદલે આસુરી વૃત્તિઓને મારી, અસુરોને તારવાનું કાર્ય કર્યું હતું.

ભગવાન શ્રી સ્વામિનારાયણની આ શાંત ધર્મક્રાંતિની લહેર અસાધારણ હતી. આ પવિત્ર લહેરને પરિણામે સમસ્ત મહાગુજરાતે અનેક પ્રકારના ત્રાસમાંથી મુક્તિ મેળવી, શાંતિનો શ્વાસ લીધો હતો.

મહાકવિ ન્હાનાલાલના શબ્દમાં કહીએ તો, "ભગવાન શ્રી સ્વામિનારાયણે ગુજરાતની શોણિતભીની ધરણીને સરયૂ નદીના પવિત્ર જળથી ધોઈ સ્વચ્છ અને પવિત્ર કરી."

ભગવાન શ્રી સ્વામિનારાયણ સર્વત્ર વિચરણ કરીને આમજનતાના જીવનને સદાચારી બનાવી રહ્યા હતા અને સાથોસાથ એમના જીવનને આધ્યાત્મિક સમૃદ્ધિથી ભરપૂર કરી રહ્યા હતા.

નીતિ અને પ્રામાણિકતાનું સર્જન એક વાત છે, અને આધ્યાત્મિક સમૃદ્ધિ પ્રાપ્ત કરવી બીજી વાત છે. વિશાળ જન-સમુદાયને નીતિમાન બનાવી શકાય છે, પરંતુ એમનામાં આધ્યાત્મિક સમૃદ્ધિ પ્રગટાવવી એ મુશ્કેલ વાત છે.

એક મહત્ત્વની વાત એ પણ છે, કે નીતિ અને પ્રામાણિકતાને માર્ગે જ આધ્યાત્મિક સમૃદ્ધિને પ્રાપ્ત કરી શકાય છે.

'આધ્યાત્મિક' શબ્દ બોલવામાં અને સમજવામાં ભારેખમ જણાય છે, પણ એનો સીધોસાદો અર્થ છે 'વૈશ્વિક પ્રેમ.'

ઉપનિષદોના શબ્દોમાં કહીએ તો,

''आत्मवत् सर्वभूतेषु'' (अन्नपूर्णोपनिषद्, १-३८)

તથા ''शुनि चैव श्वपाके च पण्डिताः समदर्शिनः''

(भगवद् गीता, ५-१८)

તુલસીદાસજીના શબ્દોમાં કહીએ તો,

''सीयाराममय सब जग जानी, करहु प्रनाम जोरी जुग पानी'' (रामचरितमानस-बालकाण्ड)

જીવ-પ્રાણી માત્રમાં પરમાત્માનાં દર્શન કરવાં અને એમની સાથે પ્રેમ કરવો એ અધ્યાત્મ છે. આવાં પ્રેમમાંથી સદાચારની સુગંધ સહેજે પ્રગટ થતી હોય છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણની દૃષ્ટિએ વિચારીએ તો એક માત્ર પરમાત્મ-સ્વરૂપમાં પ્રેમથી અહર્નિશ મગ્ન રહેવું, એ અધ્યાત્મની પરાકાષ્ઠા છે. આવી રીતે પરમાત્મામાં નિમગ્ન રહેનાર વ્યક્તિમાં વૈશ્વિક પ્રેમ સહજ હોય છે. આવાં ઉત્કૃષ્ટ પ્રેમને પ્રાપ્ત કરવાનું સાધન છે, ભાગવતધર્મ. ભાગવતધર્મનો અર્થ છે, ધર્મ, જ્ઞાન, વૈરાગ્યે સહિત ભક્તિ અને શરણાગતિ.

આવો ભક્ત સંસારમાં રહે તો પણ રાજર્ષિ જનકની પેઠે જળકમળવત્ નિર્લેપ હોય છે. દેહમાં રહેવા છતાંય દેહાતીત હોય છે. ગુણમાં રહેવા છતાંય ગુણાતીત હોય છે.

ગીતામાં આવા મહાપુરુષોને 'સ્થિતપ્રજ્ઞ' કહ્યા છે. શાસ્ત્રોમાં આવા મહાપુરુષોને 'જીવનમુક્ત' કહ્યા છે.

જગતમાં આવા જીવન-મુક્તોના સમુદાય નથી હોતા. આવા જીવન-મુક્તની સંખ્યા વિરલ હોય છે.

પૂર્વગ્રહથી પર થઈને અવલોકવામાં આવે, તો આશ્ચર્યની વાત એ છે કે ભગવાન શ્રી સ્વામિનારાયણને ત્યાં જીવન-મુક્તોનો સમુદાય માની ન શકાય એટલો વિશાળ હતો.

ભાઈરામદાસજી, મૂળજી બ્રહ્મચારી, ગુણાતીતાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, સચ્ચિદાનંદ સ્વામી, સ્વરૂપાનંદ સ્વામી, આત્માનંદ સ્વામી, કૃપાનંદ સ્વામી, અચ્યુતદાસજી વગેરે અનેક સંતોને ત્રણેય અવસ્થામાં ભગવાન શ્રી સ્વામિનારાયણનો અખંડ સાક્ષાત્કાર હતો. વાસ્તવિકતા એ છે કે આ મહાપુરુષોની આવી ઉત્તમ સ્થિતિ ભગવાન શ્રી સ્વામિનારાયણના અલૌકિક પ્રભાવ, પ્રતાપ અને અનુગ્રહને લીધે હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણના સંત-સમુદાયમાં જ આવા જીવન-મુક્તો હતા એવું નહોતું, ગૃહસ્થ નર નારીઓના સમુદાયમાં પણ આવા જીવન-મુક્તોની સંખ્યા મોટા પ્રમાણમાં હતી.

ભગવાન શ્રી સ્વામિનારાયણના ગૃહસ્થ અનુયાયીઓમાં બે પ્રવાહો રહ્યા છે. કર્મયોગી અને સાંખ્યયોગી. સંસારમાં રહીને હરિભજન કરતાં કરતાં પોતાની સાંસારિક જવાબદારીઓનો નિર્વાહ કરે, તે કર્મયોગી કહેવાય. સંસારમાં રહીને સાધુઓ જેવું વિરક્ત જીવન જીવે, તે સાંખ્યયોગી કહેવાય.

ભગવાન શ્રી સ્વામિનારાયણે ભારતીય સંસ્કૃતિના વાનપ્રસ્થ આશ્રમને સમયને અનુરૂપ નવો ઓપ આપ્યો છે, જેમાં વાનપ્રસ્થીઓએ ઘરબાર છોડી વનમાં જવાની જરૂર રહેતી નથી. ઘરમાં રહે, પણ રાજર્ષિ જનકની જેમ ઘર-સંસારથી વિરક્ત રહે, સાધુઓ જેવું જ ત્યાગમય જીવન જીવે, અંબરીષ રાજાની જેમ આત્મનિવેદી ભક્તિ કરે એને સાંખ્યયોગી કહેવાય.

માણાવદરના મયારામ ભટ્ટ, અગતરાઈના પર્વતભાઈ અને ભીમભાઈ, માંગરોળના ગોવર્ધનભાઈ, મઢડાના જેઠો મેર, નેનપુરના દેવજી ભગત, ગઢપુરના દાદાખાચર, સારંગપુરના જીવાખાચર, કારિયાણીના માંચા ખાચર, ઝીંઝાવદરના અલૈયા ખાચર, લોયા દરબાર સુરાખાચર, પંચાળાના ઝીણાભાઈ, નાની ધરાઈનો જોધો ભરવાડ, અમદાવાદના ડોસા તાઈ, કરજીસણના ગોવિંદભાઈ અને નાનાભાઈ વિપ્ર, મેથાણના અજા પટેલ, ભૂજના સુંદરજી સુથાર, વડોદરાના નાથભક્ત, બોચાસણના કાશીદાસ, સોમલા ખાચર વગેરે ભક્તો ગૃહસ્થોમાં મુખ્ય ગણાતા. આમાંથી કેટલાક સાંખ્યયોગી હતા અને કેટલાક કર્મયોગી હતા. આ બધાની સ્થિતિ મહારાજ જનક જેવી હતી.

સ્ત્રી-વર્ગમાં બહુ મોટો વર્ગ સંસારનો ત્યાગ કરીને સાધ્વીજીવન ગાળતા હતા. તેઓ 'સાંખ્યયોગી બહેનો' તરીકે ઓળખાતા. ગઢપુરના જીવુબા, લાડુબા અને અમૂલાબા, મેથાણના અમરબાઈ, કરિયાણાના મીણભાઈ, વાંકિયાના રાજબાઈ, કુંડળના રાઈબાઈ, ઝીંઝાવદરના રામબાઈ, ધોલેરાના ફુલીબાઈ, ભૂજના લાધીબાઈ તથા સૂરજબાઈ, ભાદરાના હરબાઈ, ઉદયપુરના મહારાણી ઝમકુબાઈ, જેતલપુરના ગંગામા તથા રામબાઈ, ડાંગરવાના જતનફઈ, પંચાળાના અદિબા વગેરે બહેનો સાંખ્યયોગી સ્ત્રી-ભક્તોમાં મુખ્ય હતા.

સંપ્રદાયમાં આવા સાંખ્યયોગી બહેનોની સંખ્યા આજે પણ મોટા પ્રમાણમાં રહેલી છે. ★

ભક્ત ચરિતમ્

મૂળજી - કૃષ્ણજી
(માનકૂવા)

- સાધુ યજ્ઞવલ્લભદાસ

'वैराग्यं ज्ञेयमप्रीतिः श्रीकृष्णेतरवस्तुषु ।'

"ભગવાન વિના અન્ય પદાર્થમાં પ્રીતિ નહિ તે વૈરાગ્ય જાણવો." (શિક્ષાપત્રી)

જગતના નાશવંત સંબંધો ઝેર જેવા લાગે, પદાર્થો જોવા ગમે નહીં અને એક ભગવાનમાં જ પ્રીતિ પ્રગટે ત્યારે ખરા વૈરાગ્યનો ઉદય થાય છે. ત્યાગ વૈરાગ્યનું પ્રથમ પગથિયું છે. જગતના સ્થુળ સંબંધો-પદાર્થોના ત્યાગથી આરંભાયેલી સાધના જ્યારે સૂક્ષ્મતાને - વૈરાગ્યને પામે છે, ત્યારે પૂર્ણ થાય છે.

જ્યારે સમજણ પૂર્વકનો વૈરાગ્ય પ્રગટે છે, ત્યારે હૃદય પ્રભુભક્તિથી ભરાઇ જાય છે. મનને નિર્દોષતા સ્પર્શવા માંડે છે અને જગતના વ્યવહારો ઘડિયાળના લોલકની માફક આપમેળે ચાલ્યા કરે છે. એના કોઇ ડંખ અંતઃકરણને સ્પર્શી શકતા નથી. ઈશ્વર કૃપા, એકાંતિક સત્પુરુષનો સમાગમ અને આત્મજાગૃતિ ઉત્તમ વૈરાગ્ય પ્રગટાવવાના આધાર સ્તંભો છે.

સ્વામિનારાયણ સંપ્રદાય આધ્યાત્મિક ક્ષેત્રે ખૂબ ફળદ્રૂપ રહ્યો છે. ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિથી ભારોભાર ભરેલા અસંખ્ય સંતો-ભક્તોની ફોજ તૈયાર થઇ છે. કે જ્યાં વૈરાગ્યનિષ્ઠ સંતો સાથે ઘણાં ગૃહસ્થ ભક્તો પણ થયા છે. એમાં કચ્છ-ભૂજના માનકૂવા ગામના વૈરાગ્યને વરેલા બે ભક્તો મૂળજી અને કૃષ્ણજીનું જીવન સહુંને અદકેરી પ્રેરણા આપે છે.

કચ્છની ધીંગી ધરા

સૌરાષ્ટ્રની બહુરંગી ભાગીતળ ધરતીમાં કચ્છ પોતાની આગવી ભાત ધરાવે છે. ખારાં રણ અને દરિયાઇ ખાડીથી ઘેરાયેલો કચ્છ સૌરાષ્ટ્રના અન્ય પ્રદેશોથી વિખૂટો પડેલો છે; પરિણામે કચ્છમાં એક આગવી સંસ્કૃતિ વિકસેલી છે. કુદરત સામે બાથ ભરવી કચ્છી લોકોના લાહીમાં છે.

કુદરતી આપદાઓના ખપેડા ખાઈને અહીંના લોકો ભારે ખડતલ થયેલા છે. પથરાળ ધરતીના પેટાળમાં પાણી ઓછાં હશે, પરંતુ અહીંના માણસો ભારે પાણીદાર રહ્યા છે. બહારની સમૃદ્ધિ કદાચ ઓછી હશે, પણ લોકોના અંતરની અમીરાત દેવતાઓને પણ શરમાવે તેવી રહી છે.

એક સમય એવો હતો કે તાંબાના પતરા ઉપર લખેલા દસ્તાવેજમાં કદાચ ફેરફાર થાય, પણ કચ્છીમાડુઓની જબાનના બોલ ક્યારેય ફરતા નહોતા ! દાતારી, ખુમારી, ભલા-ભોળા દિલ અને પરસ્પરનો વિશ્વાસ કચ્છીમાડુઓની વિશિષ્ટતા ગણી શકાય. કચ્છીમાડુઓનો માતૃભૂમિ પ્રત્યેનો પ્રેમ આજે પણ એટલો જ અજોડ છે.

વિધર્મીઓના આક્રમણો વચ્ચે પણ કચ્છીમાડુઓએ પોતાના બાપદાદાઓનો ધર્મ ભારે શૂરવીરતાથી જાળવી જાણ્યો હતો. કચ્છીમાડુઓમાં શ્રદ્ધા કે અંધશ્રદ્ધા હાડોહાડ વણાયેલી હતી. સદ્‌ગુરુ રામાનંદ સ્વામીએ આ શ્રદ્ધાને સાચી દિશા આપી હતી અને ધર્મનો સાચો રાહ બતાવ્યો હતો. ભૂજ, માંડવી, અંજાર જેવા શહેરો તથા માનકૂવા, સામત્રા, કેરા જેવા કેટલાયે ગામોમાં ઉદ્ધવ સંપ્રદાયના પાયા નંખાયા હતા.

અહીં બ્રાહ્મણ, સુથાર, મલ્લ, ઠક્કર, સોની, કાયસ્થ વગેરે જ્ઞાતિઓમાં ખૂબ સારો સત્સંગ ફેલાયો. જેમાં સુંદરજી સુથાર, હિરજી સુથાર, ગંગારામ મલ્લ, વિસનગરા સુરજબાઇ, સાંખ્યયોગી લાધીબાઇ વગેરે ભક્તજનો મુખ્ય હતા. ભગવાન શ્રી સ્વામિનારાયણના ઉત્તમ એકાંતિક ભક્તોમાં એમની ગણના થતી હતી.

ભગવાનની ઓળખ

ભૂજથી પાંચેક ગાઉ દૂર માનકુવા નામનું નાનકડું ગામ. ગામમાં ચારે વરણની વસ્તી. ભૂજ દરબારના ભાયાત દરબાર અદાભાઈને ભગવાન શ્રી સ્વામિનારાયણની ઓળખાણ થયેલી અને એમને જીવ સોંપી દીધેલો. શ્રીજી મહારાજ અવારનવાર અદાભાઈની ડેલીયે ઉતારો કરતા. વિપ્ર નારાયણજી પંડ્યા, નાથો સુથાર આદિ ગામના અન્ય લોકો પણ મહારાજના ઐશ્વર્યનો પ્રતાપ પામી સારા સત્સંગી થયેલા. મહારાજના સમયમાં જ આ ગામમાંથી અઢાર સાધુઓ થયેલા.

આ જ માનકુવામાં બે બ્રાહ્મણ યુવાન રહેતા હતા. એના નામ જૂદા હતા, પણ પ્રાણ એક હતા. એમની વચ્ચે નાનપણથી જ તોડી ન તૂટે એવી મિત્રતા બંધાઈ ગઈ હતી. કદાચ સગા બે ભાઈ વચ્ચે મનમેળ ન હોય, પરંતુ આ બન્ને મિત્રો હતા જૂદી જૂદી માના, પણ એકમના થઈને રહેતા. એમના વિચાર એક, સમજ એક, પહેરવેશ એક, રસ-રૂચી એક, બસ પંડ બે હતા. એ પંડના નામ હતા મૂળજી અને કૃષ્ણજી.

એક દિવસ કૃષ્ણજી મારતે ઘોડે ભૂજથી માનકૂવાના મારગે જઈ રહ્યા હતા. મુખ ઉપર અનેરો ઉત્સાહ હતો, આંખોમાં ઉમંગ હતો. એ ઉત્સાહ અને ઉમંગ પગ દ્વારા પ્રગટ થતો હતો અને ઘોડીને હજુ વેગથી ચલાવવા એડી મારી રહ્યા હતા. જાણે... કંઈક ખજાનો જડ્યો હોય એમ...! પણ, એને ખજાનો તો નહોતો જડ્યો, એને જડ્યા હતા રિદ્ધિ-સિદ્ધિ, સુખ-સમૃદ્ધિના સ્વામી, પૂર્ણપુરુષોત્તમ નારાયણ સ્વયં સહજાનંદ સ્વામી.

વાત આમ બની હતી. માનકૂવાના અદાભાઈ વગેરે સત્સંગીઓના મુખે કૃષ્ણજીએ ભગવાન શ્રી સ્વામિનારાયણની વાતો સાંભળેલી, પણ કૃષ્ણજીને આ વાત મનાતી નહોતી. એ એમ જાણતા હતા કે આ ઘોર કળીકાળમાં ભગવાન પ્રગટે જ નહીં. હશે કોઈ સંત-ફકીર કે ઓલિયા પુરુષ અને કાંતો મનાવા-પૂજાવાનું કરતૂત ! પરંતુ જ્યારે એમનાં ઐશ્વર્ય, એમનાં સામર્થ્ય, એમનાં સંતો, એમનાં સત્સંગીઓ, એમની રીતભાત - આ બધુ સાંભળવા મળ્યું ત્યારે વિચાર થોડો નબળો પડ્યો અને પ્રત્યક્ષ દર્શનની ઝંખના ઊઠી.

એ ઝંખના એમને ગઢપુર સુધી દોરી લાવી. ભગવાન શ્રી સ્વામિનારાયણના દર્શન કર્યા અને મન માની ગયું. પ્રગટ ભગવાનની ઓળખાણ થઈ ગઈ. હવે ભગવાનને છોડીને જવાનું મન નહોતું થતું, પણ એને વિચાર થયો કે 'મને મળેલા પ્રગટ ભગવાનના સમાચાર મારા જીગરજાન મિત્ર મૂળજીને ન પહોંચાડું તો મિત્રતામાં આટલી ખામી ગણાય.' બસ આ જ વિચારને અનુસરીને કૃષ્ણજી મારતે ઘોડે માનકૂવા આવી રહ્યા હતા.

તબડાક... તબડાક... તબડાક... પરશેવે રેબઝેબ અને લુહારની ધમણની જેમ હાંફતો કૃષ્ણજીનો તેજીલો ઘોડો માનકૂવામાં દાખલ થયો અને સીધો મૂળજીના ડેલે જઈ ઊભો રહ્યો. બપોરનો સમય હતો, એટલે મૂળજી જરા આડા પડખે થયેલા, આંખો બંધ હતી અને વિચાર ચાલતો હતો કે 'કૃષ્ણજી હમણા કેમ દેખાતો નથી ! ક્યાક બહાર ગયો લાગે છે...' આ વિચારને તોડતો અવાજ કાનમાં દાખલ થયો... "મૂળજી...! મૂળજી...!" સાદ સાંભળી મૂળજીની તંદ્રા ઊડી, સફાળો બેઠો થયો અને અવાજની દિશામાં જોયું તો કૃષ્ણજી દોડ્યો આવે છે.

કૃષ્ણજી નજીક આવ્યા અને હાંફતા હાંફતા બોલ્યા, "મૂળજી...! મેં હાલતા-ચાલતા ભગવાન દીઠા!"

"શું...? ભગવાન! અને હાલતા-ચાલતા?"

"હા હા મૂળજી! હાલતા-ચાલતા!"

"આ કળીકાળમાં ક્યારેય ન બને !" એમ બોલતા મૂળજી ખાટલેથી ઊભા થઈ ગયા.

"સાચું કહું છું, મૂળજી ! હું ગઢડા ગયો'તો. ત્યાં ઐશ્વર્યના મહાસાગર એવા ભગવાન શ્રી સ્વામિનારાયણના મેં મારી પ્રત્યક્ષ નજરે દર્શન કર્યા છે. મૂળજી ! એ અનેક મનુષ્યોને મુનિઓને પણ દુર્લભ એવી સમાધિ કરાવે છે. ન માત્ર મનુષ્યો, પશુ-પક્ષી પણ એમાં બાકાત નથી. અને હા, એના ઐશ્વર્યોની તો શી વાત કરવી ! જેમ ચુંબકના પહાડ તરફ મોટા મોટા વહાણ ખેંચાય એમ હજારો લોકો એના પ્રથમ દર્શન કરતાની સાથે જ એમના તરફ આકર્ષાય છે અને એના આશ્રિત થઈ જાય છે. હજારો લોકો એને ભગવાન માની પૂજે છે."

કૃષ્ણજી એક શ્વાસે વર્ણન કર્યે જતા હતા. ત્યાં મૂળજીએ વચ્ચે જ પ્રશ્ન કર્યો, "કૃષ્ણજી ! જો એ ખરેખર ભગવાન જ હોય તો, તું એને છોડીને અહીં શું કામ આવ્યો? સ્વાર્થથી ભરેલી આ દુનિયામાં ભગવાનથી અધિક કઈ છે ? માટે તું જેનું વર્ણન કરે છે એ ભગવાન નહીં હોય અને કાં તું એને ખરી રીતે ઓળખી શક્યો નહીં હો!"

"મૂળજી ! મૂળજી ! એવું નથી. એ ભગવાન પણ છે

અને મેં એને ખરી રીતે ઓળખ્યા પણ છે. હા, એ વાત સાચી કે હું એને મૂકીને પાછો આવ્યો, કારણ કે એની ઓળખાણ મારે તને પણ કરાવવી છે... તને પણ મારે ગઢડા લઈ જવો છે.''

અને એ દિવસ પણ આવી ગયો. મૂળજી-કૃષ્ણજીની જોડી સંઘ સાથે ગઢપુર તરફ રવાના થઈ. મનમાં મળેલા ભગવાનને મળવાના કોડ છે એટલે ચાલવાની ગતિ પણ વધી ગઈ છે. ચાલતા ચાલતા કૃષ્ણજીના મનમાં જોયેલા ભગવાનની મૂર્તિ રમતી જાય છે, તો મૂળજીનું મન 'એ ભગવાન કેવા હશે ? શું કરતા હશે ?' જેવા પ્રશ્નો સર્જતું જાય છે.

એમ કરતા ગઢડા આવ્યું. ભગવાનના દર્શન કર્યા, મૂળજી-કૃષ્ણજીનું અંતર ઠરી ગયું. જગતના ઘાટ શમી ગયા અને વૈરાગ્યના બીજ અંકુરાવા વાગ્યા. એક દિવસ... બે દિવસ... અને એમ કરતાં પાંચ દિવસમાં તો સહજાનંદને શરણે સમર્પિત થઈ જવાના નિર્ણય લેવાઈ ગયા!

તીવ્ર વૈરાગ્ય

પાંચેક દિવસના રોકાણ બાદ સંઘ પાછો ફર્યો, મૂળજી-કૃષ્ણજી ગઢપુર જ રોકાઈ ગયા. હવે એમને મહારાજને છોડીને ક્યાંય જવાનો સંકલ્પ જ નથી થતો. મહારાજના દર્શન, શ્રવણમાં મન લાગી ગયું છે. બન્ને મિત્રોને ત્યાગી થવાનો સંકલ્પ તો પ્રબળ છે, પણ મહારાજ આગળ જણાવી શકતા નથી. સેવા-ભજન કરતાં દિવસો ઉપર દિવસો પસાર થતા જાય છે. થોડા દિવસ થયા ત્યાં મહારાજ ઉપર કચ્છથી કાગળો આવવા લાગ્યા કે 'અમારા દીકરા મૂળજી અને કૃષ્ણજી તમારી પાસે રોકાઈ ગયા છે, તે પાછા મોકલો.'

મહારાજે બન્ને મિત્રોને બોલાવ્યા અને કાગળો બતાવી કહ્યું, ''હવે તમારે અહીં રહેવાનું નથી. તમારા ઘરેથી સંબંધીઓના કાગળો આવે છે, તે પાછા માનકૂવા જાઓ અને ઘરે રહી ભજન કરો!''

મહારાજની આ આજ્ઞા મૂળજી અને કૃષ્ણજી માટે વીજળી જેવી હતી. ખૂબ આકરી લાગી, પણ મહારાજે સ્પષ્ટ કહી સંભળાવ્યું એટલે ઘરે પાછા જવા સિવાય બીજો કોઈ રસ્તો પણ નહોતો. બન્ને મહારાજ તથા સંતોના દર્શન કરી ભારે ભારે હૈયે ચાલતા થયા.

માર્ગમાં ચાલતા કૃષ્ણજી કહે, ''મૂળજી ! મહારાજ આપણને પરાણે શાં માટે ઘરે મોકલતા હશે ?''

મૂળજી કહે, ''કૃષ્ણજી ! મહારાજ સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ છે. એમની આજ્ઞા તે આજ્ઞા.''

કૃષ્ણજીએ કહે, ''મહારાજ કંઈ સાક્ષાત્ શ્રી પુરુષોત્તમનારાયણ તો ન જ હોય. હા, તેઓ મહાપુરુષ જરૂર છે.''

''મહારાજ તો સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ જ છે, સર્વોપરી ભગવાન છે ને તેઓ અક્ષરધામથી આપણા જેવા અનેક જીવોના કલ્યાણ કરવા પધાર્યા છે.'' મૂળજી ચાલતા ઊભા રહી ગયા અને કૃષ્ણજી સામે જોઈ કહ્યું.

મૂળજીનો હાથ પકડી કૃષ્ણજી કહે, ''તમે કહો છો તેમ તેઓ ખરેખર સાક્ષાત્ શ્રી પુરુષોત્તમ નારાયણ જ હોય, તો આપણને આપણા સંકલ્પ પ્રમાણે શા માટે સાધુ થવા દેતા નથી?''

મૂળજી કહે, ''ભાઈ ! શ્રીજી મહારાજ સાક્ષાત્ પુરુષોત્તમ નારાયણ છે, એમાં કોઈ શંકા જ નથી. તેઓ આપણને સાધુ થવાની ના પાડે છે એનો અર્થ એ છે કે આપણે હજું કાચા છીએ. એમને હજુ આપણામાં કશી કચાશ જણાતી હશે. છતાંય તમને હજી એ બાબતમાં સંશય હોય, તો ચાલો પાછા મહારાજ પાસે જઈએ અને ખરાઈ કરીએ.''

પછી બન્ને ગઢપુર પાછા આવ્યા. સંતોનો સત્સંગ કર્યો ત્યારે કૃષ્ણજીનાં મનમાં પણ શ્રીજી મહારાજ સાક્ષાત્ શ્રી પુરુષોત્તમનારાયણ છે એવો દૃઢ નિશ્ચય થયો. ગઢપુરમાં તેઓ ઘણાં દિવસ રહ્યાં, ફરી એ બન્નેનાં ઘરેથી શ્રીજી મહારાજ ઉપર પત્ર આવ્યો કે 'મૂળજી અને કૃષ્ણજી પરણેલા છે. તેઓ ઘર છોડીને ભાગી ગયા હોવાથી એમનાં ઘરમાં ભારે ઉપાધિ ઊભી થઈ છે. માટે કૃપા કરીને એમને ઘરે પાછા મોકલો.'

શ્રીજી મહારાજે બન્નેને બોલાવી કહ્યું, ''તમારા સંબંધીના કાગળો આવે છે, માટે તમે તમારે ઘેર જાઓ.'' એમ ઘણીવાર મહારાજે તેમને સમજાવ્યા. એટલે તેઓ બન્ને જણ મહારાજના વચને ગઢડા છોડી કચ્છના મારગે ચાલતા થયા.

બન્નેના હૃદયમાં વૈરાગ્ય ધગતો હતો. ઘર તરફ પગલા ઊપડતા નહોતા અને મન વિચારોના ચકરાવે ચડ્યું હતું. એક વખત સહજાનંદી અમૃતરસ ચાખ્યા પછી સંસારની ખાટી છાશ ગળે ઊતરે એમ નહોતી. કોઈ પણ ભોગે હવે એમને માનકૂવા જવું નહોતું. તો... હવે શું કરવું? એ જ તો એ જ તો મોટો પ્રશ્ન હતો અને એ ઉકલતો

પણ નહોતો!

ધીમે ધીમે રસ્તો કપાતો હતો, એમ મન વધારે વિચાર કરતું હતું. સંધ્યા ટાણે માર્ગમાં વાણિયાની વણથલી ગામ આવ્યું. મૂળજી-કૃષ્ણજીએ અહીં રાત્રિ રોકાણ કરવાનું વિચાર્યું. આ ગામના લાધા સુથાર સારા સત્સંગી હતા. એમના ઘરે ઊતારા કર્યા. રાત્રે બન્ને મિત્રોએ અહીં જ રોકાઈ જવાનો નિર્ધાર કર્યો. લાધા સુથારને વાત કરી નોકરીએ રહી ગયા અને દિવસો પસાર થવા લાગ્યા.

મૂળજી અને કૃષ્ણજી સુથારી કામ કરે છે. લાકડા ફાડે છે અને સાથોસાથે જીવ સાથે વળગેલી વાસનાઓના પડ પણ ખેરતા જાય છે. મહારાજની મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખવાનો પ્રયત્ન કરતા કરતા કાચા લાગતા વૈરાગ્યને વધુ તપાવતા જાય છે. આમને આમ છ માસ વીતી ગયા. એમાં સમાચાર મળ્યા, કે મહારાજ ગઢડામાં મોટો સમૈયો કરે છે. પાણી વગર માંછલા તરફડે એમ મહારાજના દર્શન વિના તલપતા મૂળજી-કૃષ્ણજી સમૈયામાં જવા તૈયાર થયા. લાધા સુથાર પાસે રજા માગી ત્યારે લાધા સુથારે પગારના ચાલીશ રૂપિયા આપ્યા. આ ચાલીશ રૂપિયા લઈ બન્ને ગઢડે આવ્યા.

મહારાજના દર્શન કરી ચાલીસ રૂપિયા ભેટ ધર્યા. ત્યારે મહારાજ કહે, "તમે બન્ને આટલા દિવસ ક્યાં હતા? તમારા માવતર તમને શોધે છે અને એના કાગળ અમારા ઉપર આવે છે!"

મૂળજી કહે, "માફ કરજો, મહારાજ! અમે તમારી આજ્ઞાથી ઘરે જવા નીકળ્યા હતા, પણ અમારા પગલા ઉપડ્યા જ નહીં. પછી તો અમે વણથલી લાધા સુથારને ત્યાં રોકાયા હતા, તે આજે ફરી તમારા દર્શને આવ્યા છીએ. મહારાજ! અમારે હવે ઘેર જવું નથી, ત્યાગી થઈ ભગવાન ભજવા છે. રાજી થઈ અમને સાધુ કરો!"

ત્યારે મહારાજ કહે, "તમારે ત્યાગી થઈ અમારી પાસે રહેવું હોય, તો તમારા માતા-પિતાના હાથનો લખેલ રજાનો કાગળ લઈ આવો તો રાખીએ." પછી તે બેઉ મહારાજને પગે લાગી, માતા-પિતાની રજા લેવા માનકૂવા આવ્યા. બધી વાત કરી, પણ કોઈ પરિણામ આવ્યું નહીં.

ત્યાગી થવું હોય તે આગળ આવો!

મૂળજી-કૃષ્ણજીને બન્ને તરફથી નિરાશા સાપડી છે. પરંતુ નિરાશ થાય એનો આ પંથ નથી. આ પંથ તો ઉત્સાહ અને બ્રહ્માનંદનો છે, ત્યાં તો સતત વૈરાગ્યની જ્યોત જલતી રહેવી જોઈએ અને માર્ગ શોધનની તમન્ના જાગતી રહેવી જોઈએ. બન્ને ભાઈઓ એકબીજાને સાંત્વના આપે છે અને ઘરના કામકાજની સાથે ભજન કર્યે રાખે છે.

એવામાં એક દિવસ મહારાજ વિચરણ કરતા માનકૂવા આવી પહોંચ્યા. દરબાર અદાભાઈના ઘરે ઉતારા કર્યા. મૂળજી અને કૃષ્ણજીને તો આજે આનંદ સમાતો નથી. એમને તો જાણે ઘરે બેઠા ગંગા આવી! બે-ત્રણ દિવસ થયા. મહારાજે નવી લાલી શરૂ કરી. મૂળજી અને કૃષ્ણજીની દૃઢતા તપાસવા એક નાટકનો આરંભ કર્યો, પણ એ નાટકે ગામના બીજા ભક્તોને પરસેવો વાળી દીધો!

વાત એમ બની, કે અદાભાઈના ફળિયામાં સંતો-ભક્તોની સભા ભરાઈને બેઠી હતી અને ધૂન-કીર્તન થઈ રહ્યા હતા. મહારાજ ઓરડામાં બિરાજમાન હતા. સૌ સંતો-ભક્તોની આંખો ઓરડા તરફ મંડાયેલી હતી અને મહારાજના દર્શન માટે તલસતી હતી. એનામાં કટ..કટ..કટ..કટ.. અવાજ આવ્યો. એક સાથે સભાજનોએ અવાજની દિશામાં નજર ઠેરવી. સૌની આંખો આશ્ચર્યથી ખૂલ્લી જ રહી ગઈ. કારણ કે મહારાજ હાથમાં કાતર લઈને આવી રહ્યા હતા અને એ કાતર કટ..કટ.. અવાજ કરતી હતી.

આ દૃશ્ય જોઈ ભક્તોને મનમાં પ્રશ્નો ઉદ્‌ભવ્યા, "મહારાજને વળી કાતરની શી જરૂર પડી? સભામાં કાતર લઈને આવવાનું વળી શું પ્રયોજન? વગેરે..." તો સંતો પણ મન મનાવતા અંતરવાણી ઉચ્ચારતા કહેતા, "આજે વળી કોઈ નવું પ્રકરણ ફરવાનું લાગે છે!"

આવા પ્રશ્નો અને આશ્ચર્યથી ભરેલા મનવાળા સંતો-ભક્તોની સભામાં મહારાજ કાતર ખખડાવતા પોતાની નજર ચારે બાજુ ફેરવી રહ્યા હતા. સભાજનો પણ 'મહારાજ હવે શું કરશે?' એવા પ્રશ્નભરી નજરે મહારાજ સામે જોઈ રહ્યા હતા. પણ આવા પ્રશ્નો અને કુતુહલ ઝાઝો સમય ટક્યા નહીં. સૌના પ્રશ્નોના સમાધાન કરતા મહારાજના શબ્દો કાને પડ્યા, "આજે અમારે નવા ત્યાગી કરવા છે. જેની ઇચ્છા હોય તેના માથાનાં વાળ, દાઢી તથા મૂછ અમે અમારા હાથે કાપીશું. માટે જેમને ત્યાગી થવું હોય તે ઊભા થઈ અમારી પાસે આવો...!"

મહારાજે તો પાસે આવવાનું કહ્યું હતું, પણ વાત એવી ભારે અને મુંઝવણ ઊભી કરનારી હતી કે સભામાં આગલી હરોળમાં બેઠેલા કેટલાંક ભક્તો ઊભા થઈ થઈ પાછળ જઈ બેસી ગયા! કેટલાક તો 'ચાલો ચાલો આજે

બાપની આંખ ફરી છે. એનું કાંઈ નક્કી નહીં, આપણો પણ વારો ચડી જાય !' એમ બોલતા ઘરભણી ચાલતા થયા. જે બેઠા રહ્યા એ એક-બીજા સામે જોવા લાગ્યા ! ફરી પાછા બધાના મન પ્રશ્ન કરવા લાગ્યા, 'કોણ ઊભુ થયું ? કોઈ આગળ આવ્યું ?'

બધાના પ્રશ્નોનું આશ્ચર્ય સાથે સમાધાન થયું. બે નવયુવાન કચ્છીમાડુ મૂળજી અને કૃષ્ણજી કેટલાંય દિવસથી કેસરિયા કરવાના કોડ સાથે જીવી રહ્યા હતા. એમને તો આજે સામેથી કેસરિયો સૂરજ ઊગ્યો હતો. બન્ને ભાઈઓ ખેતીના કામે સીમમાં ગયા હતા. તેમને સમાચાર મળ્યા કે 'આજે સભામાં જતા નહીં, મહારાજ સાધુ કરવા કાતર લઈને બેઠા છે.' વાત સાંભળી બન્નેના હરખનો પાર ન રહ્યો. દોડતા ગામમાં આવ્યા. એકપછી એક શેરિયો વટાવતા અદાભાઈના ઘરે પહોંચ્યા અને મહારાજના ઢોલિયા પાસે આવી બે હાથ જોડી હાંફતા હાંફતા બોલ્યા, "મહારાજ... ! અમે ત્યાગી થવા તૈયાર છીએ... અમને ત્યાગી કરો !"

એ યુવાનોની આવી હિંમત જોઈ સંતો ખૂબ રાજી થયા. કેટલાક ભક્તો 'ધન્ય ધન્ય' બોલવા લાગ્યા, તો કેટલાક ભક્તો આશ્ચર્ય ભર્યા મુખે એ બે નરબંકાઓને અનિમેશ તાકી રહ્યા. સર્વે સભાજનોના મન નિર્વિચાર થઈ ગયા. સભામાં સન્નાટો છવાઈ ગયો. મહારાજના હાથમાં રહેલી કાતરનો કટ..કટ.. અવાજ આ સન્નાટાને ચીરતો રહ્યો.

મહારાજે બન્ને યુવાનોને કહ્યું, "તમારે ત્યાગી થવું છે? ત્યાગી થવું એ કંઈ કંસાર જમવા જેવું સહેલું નથી ! આ તો ખાંડાની ધારે ચડવા જેવું છે. ત્યાગી થશો તો ખાવાનાંય ઠેકાણાં નહી રહે, બાવાઓ મારશે, ટાઢ-તડકો સહન કરવાં પડશે અને હેરાન હેરાન થઈ જશો. માટે તમે પ્રથમ તમારા મનને પૂછી જુઓ. પછી અમારી પાસે આવજો !'

મહારાજની આજ્ઞા થતા બન્ને મિત્રો દૂર જઈ પોતાના મનને સમજાવવા લાગ્યા, "સાંભળો મનજીભાઈ ! અનંત વખતના જન્મ-મરણ પછી આ મોંઘેરો મનુષ્યદેહ મળ્યો છે. હવે જો શ્રીહરિનું ભજન-કીર્તન નહીં કરો તો કૂતરા-ગધેડાના અવતાર આવશે અને અનેક દુઃખો ભોગવવા પડશે. જ્યારે કૂતરા-ગધેડાના દેહ મળશે ત્યારે ઓઢવા, પાથરવા અને પહેરવાનું કોણ ધ્યાન રાખશે ? કોણ ખાવા આપશે ? પથારી કોણ કરી આપશે ? માટે શ્રીજીની આજ્ઞા માની ત્યાગી થઈ જાઓ, એટલે તમારા બધાંય દુઃખોનો અંત આવે. બોલો મનવા ! શું કરવું છે ? જન્મમરણના ચક્રમાં ફરવું છે કે અક્ષરધામના અનંત સુખના ભોગી બનવું છે ? આ લોકના તુચ્છ જીવને રાજી કરવા છે કે અક્ષરાધિપતિ પુરુષોત્તમ નારાયણને રાજી કરવા છે...?"

સમજાવટના અંતે બન્નેના અંતરમાંથી એક અવાજ નીકળ્યો... 'અક્ષરધામના અધિપતિ પુરુષોત્તમનારાયણને રાજી કરી અક્ષરધામનું અખંડ અને અનંત સુખના ભોગી બનવું છે...'

આ રીતે પોતાના મનને સમજાવી બન્ને મિત્રો મહારાજ પાસે આવ્યા અને કહ્યું, "મહારાજ ! અમે પાકો નિશ્ચય કરી લીધો છે. ત્યાગી થઈ વર્તમાન પાળવા અમને જરાય કઠણ નહીં પડે, માટે અમે ત્યાગી થવા તૈયાર છીએ." આમ બોલતા બોલતા મૂળજી પોતે પહેરેલા કેડિયાની કસો છોડવા માંડ્યા. કૃષ્ણજીએ તો કસો છોડવાને બદલે તડાતડ તોડવા જ માંડી.

ત્યારે મૂળજીએ કહ્યું, "કૃષ્ણજી ! કેડિયાની કસો તોડે છે કેમ ?" કૃષ્ણજી કહે, "મૂળજી ! હવે આપણે આ કેડિયું ફરી ક્યાં પહેરવું છે, તે ચિંતા કરીએ !"

બન્ને મિત્રોનો તીવ્ર વૈરીગ્ય જોઈ મહારાજ મનમાં ઘણા રાજી થતા હતા, પરંતુ હજુ થોડી વધારે કસણી કરવા માગતા હતા. તેથી મહારાજે કહ્યું, "આમારે તમને સાધુ કરવા નથી, તમે ગૃહસ્થાશ્રમમાં જ રહો અને ભજન-ભક્તિ કરો !"

મહારાજના આ શબ્દો બન્ને ભાઈઓને ભારે વહમા લાગ્યા. આંખમાંથી આંસુઓ વહેવા માંડ્યા. મહારાજના ચરણોમાં ઢગલો થઈ આજીજી કરવા લાગ્યા, "મહારાજ ! આવું ન બોલો, અમને તમારી સેવામાં આવવા દ્યો ! જેમ તમારી જીભ વળશે એમ અમારો દેહ વળશે. તમારા દર્શન થયા પછી અમારે દેહના સુખ હરામ થયા છે, હવે અમે ગૃહસ્થાશ્રમમાં પણ નહીં રહી શકીએ. માટે દયા કરો પ્રભુ! અમને કાયમી તમારી સેવામાં રાખી લ્યો !"

"નહીં, એ તો નહીં જ બને. અમે તમને સાધુ તો નહીં જ કરીએ ! અમારી આજ્ઞા છે કે તમે અત્યારે જ અહીંથી જતા રહો અને ઘરે રહી ભજન-ભક્તિ કરો !" બન્ને ભાઈઓની આજીજીની કોઈ અસર ન થઈ હોય એમ મહારાજ વધારે કઠોર થતાં બોલ્યા.

મહારાજની કઠોર આજ્ઞા માથે ચડાવી મૂળજી-કૃષ્ણજી ઊભા થયા, કેડિયાની છોડેલી કસો ફરીથી બાંધી, ભરેલા હૃદયે અને નીતરતી આંખે મોટા મોટા નીસાસા નાંખતા ઘર તરફ ડગલા માંડ્યા. ઘર તરફનું એમનું એક એક ડગલું જાણે પહાડ ઓળંગતા હોય એવું વહમું લાગતું હતું.

આકરી કસોટી

મૂળજી તથા કૃષ્ણજીને મહારાજે બે બે વખત સાધુ ન કરતા પાછા ઠેલ્યા હતા અને હજુ ખબર નહોતી કેટલીય વાર પાછા ઠેલશે? અંતરમાં વૈરાગ્યની પ્રબળ ચટકી લાગી હતી, જેથી બન્નેને સંસારમાં રહેવું ઝેર થયું હતું. હવે તો જલ્દી ત્યાગી થવું હતું, પરંતુ એક તરફ મહારાજ અને બીજી તરફ માતા-પિતા, પત્ની, સગા-સંબંધીઓ વગેરેનો વિરોધ હતો. એ વિરોધ બન્નેના અંતરમાં લાગેલી વૈરાગ્યની જ્વાળાને શાંત થવા દેતો નહોતો, વધારે પ્રજ્વલિત કરતો હતો.

એક દિવસ મૂળજી તથા કૃષ્ણજી સંસારના બંધનોથી છૂટવાનો રસ્તો શોધી રહ્યા હતા. એમના મનમાં વિચારો ઊઠતા હતા, 'હાથમાં આવેલો અમૂલખ અવસર દિવસે દિવસે છૂટતો જાય છે. આ નાશવંત દેહનો કંઈ નિરધાર નથી, માટે સંસારના બંધનમાંથી છૂટી શકાય તેવો ઉપાય કરીએ... આ દેહે બની શકે એટલા મહારાજના દર્શન કરી લઈએ... સંતો-ભક્તોનો સમાગમ કરી લઈએ... આવો અવસર ફરી મળવો દુર્લભ છે. માટે એવું કઈક કરીએ કે સંસારના બંધન આપમેળે છૂટી જાય ! પણ એવું તે શું કરીએ...??'

આમ મનોમંથનના અંતે બન્નેના અંતરમાં ભયાનક વિચાર ઊઠ્યો. સંસારના બંધન તો દેહ અને રૂપને જોરે ટક્યા છે, તે દેહને જ સંસારના માર્ગે નકામો કરી નાંખીએ. એ વિચાર સાથે બન્ને એવા નિર્ણય ઉપર આવ્યા કે કોઈ સંસારી જીવ એવું પગલું ભરી ન શકે ! તેઓએ વૈરાગ્યની અતિ તીવ્રતાથી પોતાના હાથે જ ગુહ્ય અંગને ભીષ્મ કરી નાંખ્યા ! લોહીથી ખરડાયેલા શરીરવાળા મૂળજી અને કૃષ્ણજીનો સ્વાર્થી સગાઓએ ત્યાગ કર્યો. કોઈએ પાટા-પીંડીની પણ પરવાહ કરી નહીં.

જ્યારે આ સમાચાર શ્રીજી મહારાજને મળ્યા, ત્યારે જેમ પડ્યા ઉપર પાટુ પડે એમ મૂળજી અને કૃષ્ણજીને સત્સંગમાંથી વિમુખ કર્યા. મહારાજે માનકૂવા ગામના ભક્તોને પત્ર લખી આદેશ આપ્યો કે "ક્રોધે કરીને પોતાના અંગનું છેદન કરનારા મૂળજી-કૃષ્ણજીની સાથે કોઈએ બોલવું નહીં અને તેમની સેવા પણ કોઈએ કરવી નહીં. જો દયાયે કરીને કોઈ તેમની ચાકરી કરશે, તો તે પણ વિમુખ ગણાશે." મૂળજી અને કૃષ્ણજીનો સંબંધીઓએ તો ત્યાગ કર્યો જ હતો, હવે મહારાજની આજ્ઞા થતા સત્સંગીઓ પણ દૂર થઈ ગયા.

વિના સારવારે પીડાતા બન્ને મિત્રો એકલા-અટુલા થઈ ગામમાં અહીં-તહીં ભમે રાખે છે. નથી કોઈ ખાવા આપતું કે નથી રહેવા આશરો આપતું. મૂળજી અને કૃષ્ણજીની આ પીડા ગામધણી દરબાર અદાભાઈથી ન જોવાણી. તેમણે હરિભક્તોને કહ્યું, "મહારાજે આજ્ઞા કરી એમનું કામ કર્યું, હું મારું કામ કરીશ. મહારાજ ભલે કુરાજી થાય. એમની ક્ષમા તો હું માગી લઈશ, પણ એમનાં દુઃખી ભક્તોની સેવા કરી સાજા કરીશ."

અદાભાઈએ બન્નેને પોતાના ઘરે સાચવ્યા. વૈદ્ય બોલાવી પાટા-પીંડી કરાવી અને સેવા-ચાકરી કરવા લાગ્યા. હવે તો હરિભક્તોએ બેની સાથે ત્રીજા અદાભાઈને પણ ઉપેક્ષાના પાત્ર બનાવ્યા.

સમય જતા અદાભાઈની સેવા-ચાકરીથી બન્ને ભક્તો સારા થયા. એક દિવસ બન્ને ભક્તો ગેરુ લઈ આવ્યા. જાતે કપડાને કેસરિયા કર્યા અને સાધુઓનો વેશ લઈ ભજન-ભક્તિ કરવા લાગ્યા. આ વાતની જ્યારે ગામના સત્સંગીઓને ખબર પડી ત્યારે તેઓએ ભેગા થઈ તેઓને ધક્કા મારી ગામ બહાર કાઢી મૂક્યા.

ઘર અને ગામ વગરના નિરાધાર થયેલા બન્ને ભક્તો આશરો શોધતા શોધતા નોધારાના આધાર એવા સહજાનંદજીના શરણે ગઢપુર આવ્યા.

બે અજાણ્યા સાધુઓને જોઈ મહારાજે પૂછ્યું, "તમે કોના પરમહંસ છો?"

ભક્તો કહે, "મહારાજ ! અમે તમારા જ પરમહંસ છીએ."

મહારાજ કહે, "તમારું નામ?"

ભક્તો કહે, "નામ-રૂપ તો મિથ્યા છે."

"તમે તો તમારી જાતને ભારે સિદ્ધ માનતા હશો કાં? ક્યાં ગયા પાર્ષદો? આ બન્ને મનમુખીઓને ધક્કા મારી અહીંથી કાઢી મૂકો. અમારે એક પળ પણ એમના મુખ જોવા નથી." આટલા વચનો બોલતા મહારાજના મુખ ઉપર ક્રોધની લાલચોળ ટશરો ફૂટી.

મહારાજની આજ્ઞા થઈ એટલે પાર્ષદોએ બન્નેને ધક્કા મારી દરબારગઢમાંથી કાઢી મૂક્યા. બન્ને ભક્તો પણ કોઈ પણ જાતનો પ્રતિકાર કર્યા વગર ઘેલાને કાંઠે જઈ ધ્યાન-ભજન કરવા લાગ્યા.

સૂર્ય અસ્તાચળે ડૂબ્યો અને ચંદ્ર આકાશે ચડ્યો. વાતાવરણમાં શાંતિ પ્રસરવા લાગી. ઠંડો વાયુ વાવા

લાગ્યો. એ સમયે મૂળજી અને કૃષ્ણજીના કંઠેથી ઘૂંટાઈ ઘૂંટાઈને કીર્તનના સૂર રેલાવા માંડ્યા. ઘેલાના નીર જાણે કીર્તનમાં સાથ આપતા હોય એમ ખળખળ વહેવા લાગ્યા. શાંત વાતાવરણમાં નરવા કંઠના લહેકા વગડો ગજવવા માંડ્યા.

એ સમયે મહારાજ અક્ષર ઓરડીમાં પોઢ્યા હતા, તે સફાળા ઊભા થયા અને પાર્ષદોને બોલાવી કહ્યું, "આ કચ્છી પરમહંસો કીર્તન બોલે છે, તેથી અમને નિદ્રા નથી આવતી. માટે તેમને ત્યાંથી દૂર કાઢી મૂકો." પાર્ષદો ઘેલે આવ્યા અને બન્નેને સામે કાંઠે મૂકી આવ્યા.

બીજી રાત્રિની સંધ્યા ઢળી. ફરી કીર્તનો ચાલું થયા. દરબારગઢમાં મહારાજ આંખોમાં નિદ્રા ઘેરાણી હતી, પણ ઊંઘી શકતા નહોતા. જ્યાં આંખો બંધ થતી ત્યાં ફરી ફફડી બેઠા થઈ જતા હતા. આમને આમ મધ્યરાત્રિ થઈ. અંતે મહારાજે પાર્ષદોને બોલાવ્યા અને કહ્યું, "પેલા કચ્છીઓ ઘેલા કાંઠે કીર્તનો બોલે છે, તે અમને નિદ્રા નથી આવતી. જાઓ, એમને હજુ દૂર મૂકી આવો!"

મહારાજની અકળામણ જોઈ સંતો-પાર્ષદોને ભારે આશ્ચર્ય થતું હતું અને મનોમન મૂળજી-કૃષ્ણજીની શ્રદ્ધા, ભક્તિ અને નિષ્ઠાને નમન પણ કરતા હતા. કારણ કે સ્વયં ભગવાનની નિદ્રા આજે એ બે ભક્તોએ હરી લીધી હતી!

પાર્ષદો ઘેલે આવ્યા અને મૂળજી-કૃષ્ણજીને કીર્તન બોલતા અટકાવી કહ્યું, "તમે અહીં કીર્તન બોલો છો, તે મહારાજને ત્યાં નીંદર નથી આવતી. માટે મહારાજે કહેડાવ્યું છે કે તમે હજુ દૂર સીમમાં જતા રહો."

"તો શું આ ગામ છે? ગામની બહાર આ વગડામાં બે દિવસથી પડ્યા છીએ, એની પરવાહ નથી અને કીર્તન બોલીએ છીએ એ તમને નડે છે? હવે અમે અહીં જ કીર્તન બોલીશું." મૂળજીએ ઊભા થઈ ક્રોધથી આંખ લાલ કરી કહ્યું.

મૂળજીની સાથે કૃષ્ણજી પણ જોડાયા અને બોલ્યા, "હિંસા નહીં કરવાની મહારાજની આજ્ઞા છે, સાધુ થયા તે કંઈ કરતા નથી. નહીંતર અમે રહ્યા કચ્છીમાડુ. ઊભા થઈ વળગી પડશું તો પંદર જણાને ભારે પડશું. માટે અહીંથી જતા રહો."

મૂળજી-કૃષ્ણજીનું રાત્રિના અંધકારમાં પણ જગારા મારતું રૂપ જોઈ પાર્ષદોને વધારે રોકાવામાં અસલામતી દેખાણી. તેઓ તરત પાછા વળી ગયા અને દરબારગઢમાં આવી હકીકત મહારાજને જણાવી.

મહારાજ સૂતા હતા તે બેઠા થયા, પાર્ષદો સામે જોઈ મંદ મંદ હસવા લાગ્યા અને બોલ્યા, "પાર્ષદો! કચ્છીમાડુ ભારે વહમા! હવે એને નો' વતાવાય! જુઓને એ કીર્તન ત્યાં બોલે છે અને અમને ઢોલિયે સહિત ખેંચે છે. જો એના કીર્તનોમાં આટલી શક્તિ હોય તો એના બાવડામાં કેટલી હશે?"

"પાર્ષદો! એમની અમારા પ્રત્યેની શ્રદ્ધા, ભક્તિ અને નિષ્ઠા પણ એટલા જ ઊંડા છે. જાઓ... જાઓ... એ બન્નેને અહીં તેડી લાવો..."

પાર્ષદો ફરી ઘેલે ગયા. બન્ને ભક્તોની પાસે જવાની હિંમત નહોતી થતી... તેથી દૂરથી જ સાદ પાડી કહ્યું, "ચાલો, તમને મહારાજ બોલાવે છે."

આટલા શબ્દો કાને પડ્યા ત્યાં તો મૂળજી અને કૃષ્ણજી જેમ માથી વીખુટુ પડી ગયેલું વાછરડું માને દેખી દોડે એમ દરબારગઢ તરફ દોડ્યા. સામે મહારાજ પણ વાત્સલ્યથી ઉભરાતા હૈયે બન્નેની સામે દોડ્યા. એમને દૂરથી આવતા જોઈ મહારાજે બે-ત્રણ દંડવત પણ કરી લીધા. નજીક આવ્યા એટલે દોડી બન્નેને સાથે જ બાથમા લઈ ભેટી પડ્યા.

મધ્યરાત્રિએ દરબારગઢમાં ભજવાતા આ દૃશ્યને જોઈ કેટલાંય સંતો-ભક્તોની આંખો ભીની થઈ ગઈ. મહારાજ બન્નેના હાથ પકડી અક્ષરઓરડીમાં લઈ આવ્યા અને ઉપસ્થિત સંતો-ભક્તોને કહ્યું, "અમે આમનો કૂતરાની પેઠે તિરસ્કાર કર્યો, તો પણ તેમણે અમને મૂક્યા નહીં. અમારા વિશે લેશમાત્ર સંશય ન થયો. આને કહેવાય સાચી ભક્તિ અને ઉપાસના."

પછી બન્નેને મહારાજે દીક્ષા આપી સાધુ કર્યા. એકનું નામ સર્વજ્ઞાનાનંદ સ્વામી પાડ્યું અને એમને અમદાવાદ મંદિરના મહંત કર્યા. બીજાનું નામ ઘનશ્યામાનંદ સ્વામી પાડ્યું. તેઓએ આજીવન જૂનાગઢ મંદિરમાં રહી સેવા કરી.

★ ★ ★

સમાચાર દર્શન

વિદ્યાલય ઉદ્‌ઘાટન સમારોહ, દ્રોણેશ્વર ગુરુકુલ

SGVP ની નૂતન શાખા શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વર ખાતે પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણા તથા પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીના માર્ગદર્શન સાથે આગામી જૂનથી વિદ્યાલયનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. 'આર.ડી.વરસાણી કુમાર તથા કન્યા વિદ્યાલય'નું વિશાળ બિલ્ડીંગ તૈયાર થતા તારીખ ૨૨ એપ્રિલ, હનુમાન જયંતીના રોજ સવારે સદ્‌ગુરુ સંતો, દાતાશ્રીઓ તથા મહાનુભાવોની ઉપસ્થિતિમાં ઉદ્‌ઘાટન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આયોજિત મહાવિષ્ણુયાગની પૂર્ણાહુતિ સદ્‌ગુરુ સંતો તથા મહાનુભાવોના હસ્તે થયા બાદ કુમાર તથા કન્યા વિદ્યાલયને ખૂલ્લી મૂકવામાં આવી હતી. પૂજ્ય સંતો તથા ઉપસ્થિત યજમાનો-મહાનુભાવોના હસ્તે નૂતન પ્રવેશ પ્રાપ્ત કરી રહેલા વિદ્યાર્થીઓને નોટબુક, પેન, પુસ્તકો, પૂષ્પ આપવામાં આવ્યા હતા અને પૂજ્ય સ્વામીજીએ અભ્યાસ પ્રારંભનો પ્રથમ વર્ગ લીધો હતો.

આ પ્રસંગે આયોજિત સભામાં સદ્‌ગુરુ સંતો, આદરણીય શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલા, વિદ્યાલયના દાતા શ્રી આર.ડી. વરસાણી (એપ્કો બિલ્ડર્સ, નાઈરોબી) અ.નિ. શ્રી ચંદ્રકાંતભાઈ જસાણી પરિવાર તથા શ્રી ભરતભાઈ ઠક્કર (યુ.એસ.એ.) વતી કે.આઈ. ઠક્કર-અમદાવાદ, પ્રેમજી મૂળજી એન્ડ સન્સ-નાઈરોબીથી જયંતીભાઈ કેરાઈ, કચ્છી પટેલ સમાજના અગ્રણીઓ શ્રી આર.આર., શ્રી આર.એસ. વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. આદરણીય શ્રી પુરુષોત્તમભાઈ રૂપાલાએ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે 'આજે સ્વામિનારાયણ ગુરુકુલ દ્વારા એક ક્રાંતિ થઈ રહી છે. જે કાર્ય સરકારે ઘણા સમય પહેલા કરવાની જરૂર હતી એ કન્યાકેળવણીનું કાર્ય આજે સંતોએ ઉપાડ્યું છે, ત્યારે સમગ્ર ગુજરાતની પ્રજા વતી હું પૂજ્ય માધવપ્રિયસ્વામી અને બાલકૃષ્ણસ્વામીને હૃદયથી અભિનંદન આપુ છું.' પૂજ્ય સ્વામીજીએ જણાવ્યું હતું કે 'ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજની સદ્‌વિદ્યા પ્રવર્તનની આ સેવા માનવ કલ્યાણ માટે રહી છે. આજે જ્યારે કન્યાઓ માટેના ગુરુકુલનો પ્રારંભ થઈ રહ્યો છે, ત્યારે ભગવાન શ્રી સ્વામિનારાયણના તમામ સિદ્ધાંતોને લક્ષ્યમાં રાખીને આ કાર્ય હાથમાં લેવામાં આવ્યું છે. દીકરાઓ સાથે દીકરીઓ પણ સંસ્કાર સાથેનું શિક્ષણ પ્રાપ્ત કરશે, તો જરૂર આપણી ભાવી પેઢીને આપમેળે સુમાર્ગે દોરી શકાશે.' આ ઉપરાંત પૂજ્ય બાલકૃષ્ણ સ્વામી, પૂજ્ય પુરાણી સ્વામી, પૂજ્ય શ્રીહરિસ્વામી વગેરે સંતો તથા મહાનુભાવોએ પોતાના હૃદયના ઉદ્‌ગારો કહ્યા હતા. કાર્યક્રમના અંતે દાતાશ્રીઓ તથા મહાનુભાવોનું પૂજ્ય સંતોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. આજરોજ હનુમાન જયંતી હોવાથી બપોર પછી મારૂતિયાગ તથા હનુમાનજી મહારાજનું રાજોપચાર પૂજનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં ભક્તજનોએ ઉપસ્થિત રહી દર્શનનો લાભ લીધો હતો.

મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવ, સીમર

ભગવાન શ્રી સ્વામિનારાયણની ચરણરજથી પ્રસાદીભૂત ઊના તાલુકાના સીમર ગામે શ્રી સ્વામિનારાયણ મંદિર જીર્ણ થતા વેણી પરિવાર દ્વારા પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી તથા સદ્‌ગુરુ પુરાણી શ્રી શ્રીહરિદાસજી સ્વામીના માર્ગદર્શન નીચે નૂતન મંદિરનું નિર્માણ થયું. આ મંદિરમાં તારીખ ૨૩ થી ૨૫ મે દરમિયાન મૂર્તિપ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ મહોત્સવમાં વડતાલ પીઠાધિપતિ પરમ પૂજ્ય આચાર્ય મહારાજશ્રી રાકેશપ્રસાદજી મહારાજે પધારી નૂતન મંદિરમાં મૂર્તિપ્રતિષ્ઠા કરી હતી, તેમજ મહોત્સવ પ્રસંગે યોજાયેલ મહાવિષ્ણુયાગમાં યજ્ઞની પૂર્ણાહુતિ કરી હતી. આ મહોત્સવ પ્રસંગે પૂજ્ય સ્વામીજી, પૂજ્ય પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી, પૂજ્ય પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી, પૂજ્ય પુરાણી શ્રી શ્રીહરિદાસજી સ્વામી તથા ધામધામથી ઉપસ્થિત સદ્‌ગુરુ સંતોએ કથાવાર્તાનો લાભ આપ્યો હતો.

પૂજ્ય મહારાજશ્રીએ શ્રીહરિના પ્રસાદીભૂત નાના એવા ગામમાં આવું ભગીરથ આયોજન જોઈને અત્યંત આનંદ વ્યક્ત કર્યો હતો અને જેમના આર્થિક સહયોગથી આ મંદિરનું નિર્માણ થયું છે એવા હરેન્દ્રભાઈ વેણી તથા સમસ્ત વેણી પરિવારનું સન્માન કરી શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

સ્વચ્છતા સેનાની એવોર્ડ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP)દ્વારા પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીની પ્રેરણાથી અવારનવાર અમદાવાદ સીટી તથા વિવિધ ગામોમાં સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવે છે. ઉપરાંત SGVP દ્વારા ૧૦૮ ગામોને દત્તક લઈ એ ગામોમાં સ્વચ્છતા જળવાઈ રહે તેવા પ્રયત્નો કરવામાં આવે છે. આ ઉપરાંત એ ગામોની સ્કુલોમાં સેનેટરીની વ્યવસ્થા પણ પૂરી પાડવામાં આવી રહી છે.

સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત SGVP દ્વારા ચાલતી આ નિસ્વાર્થ સેવાથી પ્રભાવિત થઈ 'નીલા ટેલી ફીલ્મ' દ્વારા પ્રસારિત થતી 'તારક મહેતા કા ઉલટા ચસ્મા' સીરીયલની સંપૂર્ણ ટીમ વતી જેઠાલાલનું પાત્ર ભજવતા દીલીપ જોશીના હસ્તે SGVP સંસ્થા વતી પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીને 'સ્વચ્છતા સેનાની એવોર્ડ' અર્પણ કરવામાં આવ્યો હતો.

બાલ સત્સંગ શિબિર

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) ખાતે વેકેશન દરમ્યાન તારીખ ૨ થી ૮ મે દરમિયાન બાલ સંસ્કાર શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી યોજાયેલ આ શિબિરમાં સંસ્કારની સાથે રમતગમતના વિવિધ આયોજનો કરવામાં આવ્યા હતા. શિબિર બાળકો તથા બાલિકાઓ એમ બે વિભાગમાં યોજવામાં આવી હતી. જેમાં ૭૫૦ જેટલા બાળકોએ લાભ લીધો હતો.

શિબિર દરમિયાન બાળકોને સંતો-સ્વયંસેવકો દ્વારા તથા બાલિકાઓને સાંખ્યયોગી બહેનો-સ્વયંસેવિકા બહેનો દ્વારા દંડવત, પૂજા, વંદન, શાસ્ત્રવાંચન, યોગ, પ્રાણાયામ તથા માતા-પિતાની સેવા, વડીલોને આદરભાવ વગેરે સંસ્કારલક્ષી કેળવણી આપવામાં આવી હતી. એ ઉપરાંત બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓને ખીલવતી વક્તૃત્વ, એક પાત્રિય અભિનય, નૃત્ય, ગાયન જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન થયું હતું. ઉપરાંત કેમ્પસમાં રહેલી સ્વીમીંગ, હોર્સ રાઈડીંગ, ક્રીકેટ, ફુટબોલ વગેરે રમતોના મેદાનોની સુવિધાઓના ઉપયોગ દ્વારા બાળકોએ ખૂબ જ આનંદ માણ્યો હતો. આ શિબિરમાં પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીએ બાળકોને હળવી શૈલીમાં વાર્તાઓ દ્વારા બોધ આપ્યો હતો તેમજ વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા બાળકોને ઈનામ અર્પણ કર્યા હતા. શિબિરનાં મુખ્ય યજમાન તરીકે સંતોના કૃપાપાત્ર પ.ભ. શ્રી વિપુલભાઈ ગજેરાએ લાભ લીધો હતો.

વચનામૃત સંહિતા અનુષ્ઠાન

ભગવાન શ્રી સ્વામિનારાય પ્રબોધિત યજ્ઞ-અનુષ્ઠાનાદિક સાધના કાર્ય ગુરુદેવ શાસ્ત્રીજી મહારાજ દ્વારા સતત પોષાતુ રહ્યું. એ વારસાને આજે પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામી સતત અનુષ્ઠાનાત્મક જીવન જીવી સુપેરે વહાવી રહ્યા છે, ત્યારે SGVP ખાતે તારીખ ૨૬ એપ્રિલથી ૫ મે દરમિયાન પુરાણી સ્વામીના સાનિધ્યમાં વચનામૃત સંહિતા અનુષ્ઠાનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અનુષ્ઠાનમાં સંતો, ભક્તજનો તથા ઋષિકુમારો જોડાયા હતા. દસ દિવસ ચાલેલા આ અનુષ્ઠાનમાં વચનામૃતના ૧૭૫ પાઠ પૂર્ણ થયા હતા.

ગુરુકુલ પ્રિમીયર લીગ - GPL-6

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ SGVP ખાતે તારીખ ૨૩ માર્ચથી ૨૫, એપ્રિલ ૨૦૧૫ દરમિયાન SURYA SGVP SPORTS ACADEMY દ્વારા GPL-5 (ગુરુકુલ પ્રિમીયર લીગ)ઑલ ઈન્ડીયા ઓપન ડે-નાઈટ લેધર બોલ ક્રીકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ટૂર્નામેન્ટમાં ૧૫૦ ટીમોએ ભાગ લીધેલ, જેની ફાઈનલ તારીખ ૭, મેના રોજ રમાઈ હતી. જેમાં સહજાનંદ ઈન્કમટેક્સ અમદાવાદ ટીમ વિજેતા રહી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી, પરમ પૂજ્ય પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામી, પૂર્વ ક્રિકેટર ચેતન શર્મા,

ગુજરાત હાઈકોર્ટના જસ્ટીસ ઢોલરિયા સાહેબ, સંદીપ પ્રધાન, એમ.એસ.એ. ખાન- ઈન્કમટેક્સ ઓફીસર, વિમલ જાડેજા વગેરે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વિજેતા ટીમને ૨,૫૧૦૦૦ રૂપિયા, ટ્રોફી તથા રનર્સ અપ ટીમને ૧,૨૫૦૦૦ રૂપિયા તેમજ ટ્રોફી, તૃતિય નંબરે આવેલ ટીમને ૫૧,૦૦૦ તથા ચતુર્થ ટીમને ૩૫,૦૦૦ રૂપિયા પુરસ્કારરૂપે આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત મેન ઑફ ધી મેચ, બેસ્ટ બોલર તથા બેસ્ટ બેટ્સમેનને રોકડ ઈનામ તથા ટ્રોફી અર્પણ કરવામાં આવી હતી.

દશાબ્દિ મહોત્સવ, ખડખડ

વાત્સલ્યમૂર્તિ પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી સ્વામી શ્રી પ્રેમપ્રકાશદાસજી સ્વામીની જન્મભૂમિ ખડખડ ગામે નિર્માણ પામેલ શ્રી સ્વામિનારાયણ મંદિરના દસ વર્ષ પૂર્ણ થતા તારીખ ૧૧ થી ૧૩ મે દરમિયાન દશાબ્દિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની આજ્ઞાથી પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી શ્રીહરિદાસજી સ્વામીના માર્ગદર્શન નીચે ઉજવાયેલ આ મહોત્સવમાં શાસ્ત્રી શ્રી મુનિવત્સલદાસજી સ્વામી તથા શાસ્ત્રી શ્રી શ્રુતિવલ્લભદાસજી સ્વામીએ વ્યાસાસને બીરાજી ભક્તચિંતામણિના આધારે કથાવાર્તાનો લાભ આપ્યો હતો. આ મહોત્સવમાં પાટોત્સવની સાથે શોભાયાત્રા, અન્નકૂટ, મહાપૂજા જેવા આયોજનો કરવામાં આવ્યા હતા. સમસ્ત ખડખડ ગામના ભક્તજનોના તમ-મન-ધનના સહયોગથી દશાબ્દિ મહોત્સવ ભવ્યતાથી ઉજવાયો હતો.

સહજાનંદ વિલા ઉદ્‌ઘાટન, સુરત

ગુરુકુલના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તથા સન્નિષ્ઠ સેવકો (સહજાનંદ ગ્રુપ) દ્વારા સુરતના કોસમાડા ખાતે નૂતન બંગલાઓનું નિર્માણ પૂર્ણ થતા તારીખ ૯ મે, અખાત્રીજના પવિત્ર દિવસે મકાનોમાં શ્રીમહાવિષ્ણુયાગ તથા ઉદ્‌ઘાટનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે પૂજ્ય સ્વામીજી, પૂજ્ય પુરાણી સ્વામી, પૂજ્ય બાલકૃષ્ણ સ્વામી વગેરે સંતમંડળ ઉપસ્થિત રહ્યા હતા અને ઠાકોરજીના થાળ તથા સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સાત નવા બંધાયેલા મકાનોમાં ઋષિકુમારોએ મહાવિષ્ણુયાગ કારાવ્યો હતો. સંતોના હસ્તે યજ્ઞની પૂર્ણાહુતિ કર્યા બાદ સત્સંગ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પૂજ્ય સ્વામીજી તથા સદ્‌ગુરુ સંતોએ કથાવાર્તાનો લાભ આપ્યો હતો. ઉપરાંત શરદભાઈ વ્યાસ તથા પંકજભાઈ વ્યાસે પણ પ્રવચનો કર્યા હતા. આ પ્રસંગે આઠ હજારથી વધારે ઉપસ્થિત ભક્તજનોએ ભોજનરૂપી પ્રસાદ ગ્રહણ કર્યો હતો. તથા મેરાણ ગઢવીના ડાયરાનું પણ આયોજન કર્યું હતું.

સોરઠિયા પરિવાર સ્નેહમિલન, સુરત

સુરત ખાતે નિવાસ કરતા સોરઠિયા પરિવાર દ્વારા પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામી તથા પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી ભક્તિપ્રકાશદાસજી સ્વામીના સાનિધ્યમાં તારીખ ૧૫, મે ના રોજ 'દશાબ્દિ સ્નેહમિલન'નું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ૨૫ કુંડી શ્રી મહાવિષ્ણુયાગ તથા સત્સંગસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. સદ્‌ગુરુ સંતોના હસ્તે યજ્ઞની પૂર્ણાહુતિનું બીડું હોમયા બાદ આયોજિત સત્સંગ સભામાં પૂજ્ય સ્વામીજી તથા પુરાણી સ્વામીએ કથાવાર્તાનો લાભ આપ્યો હતો. આ પ્રસંગે સુરતના વૈષ્ણવાચાર્યજી પણ ઉપસ્થિત રહ્યા હતા અને શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

કામધેનુ સદન ઉદ્‌ઘાટન, દ્રોણેશ્વર

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વર ખાતે પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીની પ્રેરણાથી તથા પરમ પૂજ્ય સદ્‌ગુરુ પુરાણી શ્રી બાલકૃષ્ણદાસજી સ્વામીના માર્ગદર્શન સાથે નૂતન કામધેનુ સદનનું નિર્માણ કરવામાં આવ્યું છે. જેનું ઉદ્‌ઘાટન તારીખ ૧૫ મેના રોજ પૂજ્ય બાલકૃષ્ણદાસજી સ્વામીના હસ્તે કરવામાં આવ્યું હતું. પૂજ્ય ભંડારી સ્વામી શ્રી હરિકૃષ્ણદાસજી સ્વામીની દેખરેખ નીચે તૈયાર થયેલ આ ગૌશાળામાં ઉત્તમ પ્રકારની ગીર ગાયોની સેવા કરવામાં આવે છે. આ પ્રસંગે આયોજિત સત્સંગ સભા તથા ગૌશાળા ઉદ્‌ઘાટનમાં મોટી સંખ્યામાં ભક્તજનો ઉપસ્થિત રહ્યા હતા.

ટેલિવિઝન ક્ષેત્રે કારકિર્દી બનાવો

- સ્ક્રીપ્ટ રાઇટીંગ
- ડિરેક્શન
- એંકરીંગ
- કેમેરા વર્ક
- એડિટીંગ
- સાઉન્ડ રેકોર્ડીંગ
- મોશન ગ્રાફિક્સ

શુટીંગ ફ્લોર

ગુજરાતમાં પહેલીવાર અત્યાધુનિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને સાધનોથી સંપન્ન

મીડિયા ઇન્સ્ટિટ્યૂટ

પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમાં ઇન

ટેલિવિઝન એન્ડ ડિજિટલ મીડિયા પ્રોડક્શન

પ્રવેશ યોગ્યતા - સ્નાતક, સમયગાળો - ૧ વર્ષ

પ્રોફેશનલ ફેકલ્ટી • પ્રેક્ટીકલ • પ્રોજેક્ટ વર્ક • ઇન્ટર્નશિપ

સર્ટિફિકેટ કોર્સ

• ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફી •

• વિડીયો એડિટીંગ અને મોશન ગ્રાફિક્સ •

પ્રવેશ યોગ્યતા - ધોરણ ૧૨ પાસ, સમયગાળો ૬ મહિના

કેમ્પસ

SGVP
National School of Communication

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, મેમનગર, અમદાવાદ.

ઈ-મેઇલ : nscsgvp@gmail.com વેબ : nscommunication.co.in

સંપર્ક : 75730 08105

ગુરુકુલ ગૌરવ

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP) ઈન્ટરનેશલમાં ૧૭ દેશો તથા ૧૨ રાજ્યોના વિદ્યાર્થીઓ સંસ્કાર સાથે શિક્ષણ મેળવી રહ્યા છે. ભગવાન શ્રીહરિ તથા સદ્‌ગુરુ સંતોના અશીર્વાદ અને શિક્ષકોના માર્ગદર્શન સાથે વિદ્યાર્થીઓ સતત તેર વર્ષથી સો ટકા પરિણામ પ્રાપ્ત કરે છે અને સંસ્થાનું ગૌરવ વધારે છે. ત્યારે વર્ષ ૨૦૧૫-૧૬માં પણ SGVP ઈન્ટનેશનલ સ્કુલના વિદ્યાર્થીઓ ICSE અને ISC માં સો ટકા રજલ્ટ પ્રાપ્ત કરી સંસ્થાનું ગૌરવ વધાર્યું છે. પ્રથમ ત્રણ ક્રમાંક પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી માધવપ્રિયદાસજી સ્વામીએ શુભાશીર્વાદ પાઠવ્યા હતા.

90%
Patel Neev

ICSE (st : 10th)

91.33 %
Patel Ved

90.17 %
Jain Ankit

88%
Agnihotri Abhiraj

ISC (st :12th)

88.6 %
Patel Raj

86.6 %
Thakrar Sahil

સત્સંગ સાધના શિબિર - ઋષિકેશ

તારીખ ૦૩ થી ૦૯ / ૧૧ / ૧૬

આયોજક : શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્(SGVP) અમદાવાદ

સ્થળ : પરમાર્થ નિકેતન આશ્રમ-ઋષિકેશ

વિશેષ માહિતી માટે સંપર્ક

પૂજ્ય શ્રી ભક્તિવેદાંતદાસજી સ્વામી : ૯૮૨૫૩૧૫૦૩૦
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, અમદાવાદ : ૯૮૨૫૨૧૦૦૯૬

પૂજ્ય શ્રી મુક્તસ્વરુપદાસજી સ્વામી : ૯૦૯૯૦૯૨૫૫૬
શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ, દ્રોણેશ્વર : ૯૯૦૯૯૭૭૭૨૬

- શિબિરમાં જોડાવા ઇચ્છતા ભક્તજનોએ શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ-અમદાવાદ, છારોડી તેમજ દ્રોણેશ્વરના કાર્યાલય પરથી ફોર્મ મેળવીને ફોટા સાથે સંપૂર્ણ માહિતી ભરી તા.૧૦/૮/૧૬ સુધીમાં જમા કરાવવાનું રહેશે.

Admission opens for a regular degree course

PGDCA

(Post Graduate Diploma in Computer Science & Applications)

(Affiliation: UGC recognized Shree Somnath University, Veraval)

Eligibility: Graduate with 45% for General & 40% for SC/ST/OBC.

Application Last Date: 30-06-2016 **Course Duration &Timings:**

1-year (Sem-I&II), 12.00-4.00 pm

Address: Hariprakash PGDCA Study Centre,

Shree Swaminarayan Gurukul (SGVP), Chharodi, Ahmedabad.

Mob. (+91)9898646474 Email:pgdca@sgvp.org, Web:www.SwaminarayanGurukul.org

United Kingdom Satsang Yatra 2016

With the grace of Bhagwan Shree Swaminarayan,Sadguru Shastri Shree Madhavpriyadasji Swami with Sant Mandal from SGVP Gurukul Ahmedabad-Chharodi is on a Satsang Yatra to the UK

from 26 May to 26 July 2016

Date	Centre
26 to 29 May	**Surrey** – Ghanshyambhai Patel Home
30 May to 5 June	**Oldham** – Geeta Katha at Shri Radha Krishna Mandir
5 to 7 June	**Leicester** – Sabha at Sanatan Mandir
08-Jun	**Northampton**
09-Jun	**Southend-on-sea** – Evening Thal & Sabha
10 to 12 June	**Woolwich** – Shri Ram Mandir
13 to 19 June	**Harrow** – SKS Swaminarayan Temple Kenton
19 to 23 June	**East London** – SKS Swaminarayan Temple
24 to 28 June	**Bolton** - Hindu Lifestyle Seminar
28 June to 6 July	**London** – Govindbhai Raghvani Home
1-2-3 July	**Northolt** – Hindu Lifestyle Seminar
7 to 12 July	**Cardiff** - Hindu Lifestyle Seminar
13 to 21 July	**London** – Govindbhai Raghvani Home
22-23-24 July	**Youth Camp** (visit www.ssgp.org for more info & registration)
25-26 July	**London** – Govindbhai Raghvani Home

Any inquiry for Darshan, Mahapuja, Thal & Padharamni, please contact: 0779 353 1382 or 0208 838 4900 visit www.SSGP.org for more information

શ્રદ્ધા સુમન

પ.ભ. શીતુલભાઇ ધીરુભાઇ પટેલ :- ગામ ધોરાજી હાલ મુંબઈ નિવાસી શ્રી શીતુલભાઈ પટેલ તારીખ ૫ માર્ચના રોજ ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. પ.ભ. શીતુલભાઈ તથા તેમનો પરિવાર ગુરુકુલ સાથે વર્ષોથી જોડાયેલો છે. પરમ પૂજ્ય ગુરુવર્ય શાસ્ત્રી શ્રી પૂજ્યમાધવપ્રિય સ્વામી સાથે ખૂબ જ હેત ધરાવતા આ પરિવારની ગુરુકુલના સેવાકાર્યોમાં ખૂબ સારી સેવાઓ રહી છે. ભગવાન શ્રીહરિ તથા સંતોમાં હેતવાળા શીતુલભાઈના અક્ષરવાસથી તેમના પરિવાર તથા ગુરુકુલને ખૂબ મોટી ખોટ પડી છે. ભગવાન શ્રીહરિ તેમના આત્માને પોતાનું સુખ આપે તથા પિતાશ્રી ધીરુભાઈ, માતુશ્રી વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી દેવજીભાઇ વેકરિયા :- ગામ નારાયણપર (કચ્છ) નિવાસી પ.ભ. શ્રી દેવજીભાઈ વેકરિયા ૮૨ વર્ષની ઉંમરે હરિસ્મરણ કરતા અક્ષરવાસી થયા છે. સદ્‌ગુરુ સંતોના કૃપાપાત્ર દેવજીભાઈનો આત્મા ખૂબજ દૈવી હતો. દેવજીભાઈના પવિત્ર આત્માને મહારાજ પોતાની મૂર્તિનું સુખ આપે તથા સુપુત્રો શ્રી રામજીભાઈ (વિશ્વા વિલ્ડર્સ, એલ્ડોરેટ), રવજીભાઈ, પ્રેમજીભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી નવલભાઇ જોષી :- અમદાવાદ નિવાસી પ.ભ. નવલભાઈ જોષી તારીખ ૮, મેના રોજ શ્રીહરિનું ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. નવલભાઈએ વર્ષો સુધી **SGVP** હોસ્ટેલ તથા વેલકમ ઓફીસમાં નિષ્કામભાવે અને નિષ્ઠાથી સેવાઓ કરી સંતોના ખૂબ જ આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. એમની વક્તૃત્વ કળા અને બુદ્ધિ કોશલ્યથી હરકોઈ પ્રભાવીત થતા. સંતોના કૃપાપાત્ર નવલભાઈના આત્માને ભગવાન શ્રીહરિ પોતાના સુખે સુખિયા કરે તથા તેમના સુપુત્ર નિમેષભાઈ વગેરે પરિવારજનોને ધીરજ અર્પે તેવી પ્રાર્થના.

અ.નિ. શ્રી સંગીતાબેન શૈલેષભાઇ ઠક્કર :- મુંબઈ નિવાસી ગુરુકુલના નિષ્ઠાવાન સેવક પ.ભ. શ્રી શૈલેષભાઈ ઠક્કરના ધર્મપત્ની સંગીતાબેન ૪૨ વર્ષની ઉંમરે તારીખ ૧૪, મેના રોજ શ્રીહરિનું ભજન કરતા થકા અક્ષરવાસી થયા છે. આ સમગ્ર પરિવાર ગુરુકુલ તથા સંતો સાથે ખૂબ જ લાગણીથી જોડાયેલો છે. ભગવાન શ્રીહરિ સંગીતાબેનના આત્માને પોતાની મૂર્તિનુ સુખ આપે તથા શૈલેષભાઈ, સુપુત્રીઓ નમ્રતાબેન તથા સ્વેતાબેન તેમજ સમગ્ર પરિવારને ધીરજ અર્પે એવી પ્રાર્થના.

ગુરુકુલમાં રસોઇ

અમદાવાદ ગુરુકુલ

પ.ભ. શ્રી બાબુભાઈ જાદવભાઈ સાવલિયા
પ.ભ. શ્રી નિકુંજ ગીરીશભાઈ પટેલ, નાઇરોબી
અ.નિ. શ્રી મૂળશંકરભાઈ તેરૈયા, હસ્તે પંકજભાઈ, અમદાવાદ
પ.ભ. શ્રી બાબુભાઈ મનજીભાઈ ગોરસિયા, ગાંધીનગર
પ.ભ. શ્રી મહેન્દ્રભાઈ ભીખુભાઈ ધંધુકીયા, દુબઈ
પ.ભ.શ્રી માવજીભાઈ ખેતાભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી પ્રિજેશ પરશોત્તમભાઈ હીરપરા, અમદાવાદ
પ.ભ. શ્રી ભરતભાઈ મંગાભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી પાર્થ જગજીવનભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી જગદીશભાઈ તથા શામજીભાઈ, રાજકોટ

છારોડી ગુરુકુલ

પ.ભ. શ્રી ગોવિંદભાઈ ઠુંમર, કરશનભાઈ કાછડિયા, અમદાવાદ
પ.ભ. શ્રી પ્રકાશભાઈ ઈશ્વરભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ. શ્રી ખુશાલ રાજેશભાઈ જોશી, નાગપુર
શ્રી રીટાબેન આર. શાહ, અમદાવાદ
પ.ભ. શ્રી બલભદ્રસિંહજી ચુડાસમા, ગાંધીનગર
પ.ભ.શ્રી સંદીપભાઈ તથા હિતેશભાઈ પટેલ, અમદાવાદ
પ.ભ.શ્રી વલ્લભભાઈ બાબરિયા, અમદાવાદ
પ.ભ.શ્રી ધીરુભાઈ અસવાર, વડોદરા
પ.ભ. શ્રી મનીષભાઈ મહેન્દ્રભાઈ પારેખ, અમદાવાદ
પ.ભ. શ્રી ચંદ્રકાંતભાઈ જે. કોરાટ, સુરત

આગામી આયોજન

તા. ૧/૬/૧૬, બુધવાર : **અપરા એકાદશી :** કીર્તનભક્તિ, સાંજે ૮ : ૩૦ કલાકે, અમદાવાદ ગુરુકુલ
તા. ૫/૬/૧૬, રવિવાર : **સુહૃદ સભા:** શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ છારોડી, સાંજે ૫:૩૦ કલાકે.
તા. ૧૩/૬/૧૬, સોમવાર : **શ્રીહરિ જયંતી :** શ્રી નિલકંઠવર્ણી પયોભિષેક તથા રાજોપચાર પૂજન, સવારે ૬:૩૦ કલાકે, અમદાવાદ ગુરુકુલ
તા. ૧૪/૫/૧૬, મંગળવાર : **શ્રીહરિ અંતર્ધાન લીલા :** કીર્તનભક્તિ-સત્સંગ સભા, સવારે ૯ : ૦૦ કલાકે, અમદાવાદ ગુરુકુલ.
તા. ૧૬/૬/૧૬, ગુરુવાર : **ભીમ એકાદશી :** કીર્તનભક્તિ, સાંજે ૮ : ૩૦ કલાકે, અમદાવાદ ગુરુકુલ.

નોંધ :- ગુરુકુલ દર્શન મેગેજીન અંગે કોઈ પણ પ્રકારની ઈન્કવાઈરી હોય અથવા તો સરનામું બદલવું હોય તો માહીતી પોસ્ટકાર્ડ દ્વારા અથવા તો ઈ-મેઈલ **(darshan@sgvp.org)** દ્વારા જ મોકલવા વિનંતી.

GPL-6 લેધર બૉલ ટૂનામેન્ટની પૂર્ણાહુતિ પ્રસંગે ઉપસ્થિત પૂજ્ય સ્વામીજી, પૂર્વ ક્રિકેટર ચેતન શર્મા, મહાનુભાવો તથા વિજેતા ટીમ

હનુમાન જયંતી પ્રસંગે પૂજન કરતાં પૂજ્ય સ્વામીજી, દ્રોણેશ્વર

નૂતન મંદિરમાં પ્રતિષ્ઠાની આરતી કરતા પૂજ્ય મહારાજશ્રી, સીમર

નૂતન મંદિરના મુખ્ય દાતા વેણી પરિવારને આશીર્વાદ આપતા મહારાજશ્રી તથા સંતો તેમજ સભામાં ઉપસ્થિત ભક્તજનો, સીમર

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ દ્રોણેશ્વરની મુલાકાતે પધારેલા પૂજ્ય આચાર્ય મહારાજ શ્રી રાકેશપ્રસાદજી મહારાજ

"GURUKUL DARSHAN" R.N.I.No. GUJGUJ/2009/28937. Registered under Postal Reg. No. GAMC-1468/2016-2018
Valid Upto 31-12-2018 issued by SSPO's Ahmedabad City Division, permitted to post at Ahmedabad PSO on 25th of every month.
Licence to post without Prepayment No. CPMG/GJ/112/2016-2018 valid upto 31-12-2018. Date of Publication is 25th of every month.

શ્રી સ્વામિનારાયણ ગુરુકુલ આર.ડી. વરસાણી કુમાર તથા કન્યા વિદ્યાલયના ઉદ્‌ઘાટન પ્રસંગે ઉપસ્થિત સંતો તથા ભક્તજનો.
વિદ્યાલયના મુખ્યદાતાશ્રીનોનું સન્માન તથા પ્રથમપ્રવેશ મેળવનારા દીકરા-દીકરીઓને વર્ગ પ્રવેશ કરાવતા સંતો-મહાનુભાવો.

SGVP ખાતે યોજાયેલ બાલ સત્સંગ શિબિર-૨૦૧૬ માં જોડાયેલા દીકરા-દીકરીઓ